# Prayers to be recited during Fasli Muktaad.

A Ejauna Mithro.
B Ashaunamni Geh Geh ni Taabi (101)
yaane Muktaadno Namaskar
C Lakh nu Bhantar (Sharoshni Khohnoomanma)
570 Yetha – 210 Yenghe Hatam – 120 Ashem.
D FRA MRAOT NO Ha.
E Gathas
F Khordad Yast.
G Patet
H Sets of Khorshed - Meher Niyayash.

| | | |
|---|---|---|
| Hawan – 3 Khorshed – 1 Meher – 1 Vispathumata | | 3 sets |
| Rapithwan – | " " | 2 sets. |
| Ujirin | " " | 1 set. |

I Geh Geh ni Sharoshni Moti Khohnoomani Taabi (121)
J Haptan Yast
K Ushta no Zato ni Taabi (101)

| | | |
|---|---|---|
| 1 | 10th March Roj Ashishawang. | A |
| 2 | 11th March to 15th March<br>Roj Aastad to Roj Aneraan | B+C+D |
| 3 | 16th March to 20th March<br>Ahunawad gaatha to Vahistoist gatha. | G (on 20th March)<br>B+C+E+F |
| 4 | 21st March Navroj Roj Hormazd | H+I+J |
| 5 | 22nd March to 27th March<br>Roj Bahman to Roj Amerdad | I+J |
| 6 | 26th March Khordad Saal. | I+J+K. |

જેની ફરમાયશથી ક્રિયા થતી, તે શખ્સ, પાછલી રાતનાં ઉઠમણામાં, પોતાનાં વ્હાલા રવાનનું લોબાન મુકતાં, મુકરર કરેલી સંખ્યામાં, યથા, યેંઘહે-હાતાંમ અને અષેમનાં કલામોથી ભણાતું **"લાખનું ભણતર"** જાતે ભણવાની ફરજ લેતા, ને તે મુજબ વરસનાં ૩૬૫ દિવસમાંના, કોઈબી દીવસથી લાખનું ભણતર શરૂ કરી ૧૦ દીવસમાં પુરૂં કરી, પોતાનાં વ્હાલાં રવાન પ્રત્યેની ફરજ અદા કરતો.

"વીસરાઈ ગએલું કદી નાશ પામતું નથી,
સમય પાકતાં પાછું તાજું થાય છે."

## લાખનું ભણતર

(૫૭૦)

**યથા અહુ વઈરિયો અથા રતુશ અષાત ચીત હચા,**
**વંઘહેઉશ દજદા મનંઘહો શ્યઓથનનાંમ અંઘહેઉશ મજદાઈ,**
**ખશથરેમચા અહુરાઈ આ યિમ દરેગુબયો દદત વાસતારેમ.**

(૨૧૦)

**યેંઘહે હાતાંમ આઅત યેસને પઈતી વંઘહો,**
**મજદાઓ અહુરો વએથા અષાત હચા,**
**યાઓંઘહાંમચા તાંસચા તાઓસચા યજમઈદે.**

(૧૨૦)

**અષેમ વોહુ વહિશતેમ અસ્તી ઉશતા અસતી,**
**ઉશતા અહમાઈ હયત અષાઈ વહિશતાઈ અષેમ.**

૧૦ દીવસની બાંધી મુદતમાં; કુલ્લે ૫૭૦૦ યથા; ૨૧૦૦ યેંઘહે હાતાંમ; અને ૧૨૦૦ અષેમ ભણવાનાં ભણતરને લાખનું ભણતર કહેવામાં આવે છે (મુક્તાદનાં ૧૦ દીવસ લાખનાં ભણતર માટે ખાસ મુબારક છે)

(૧૦ દીવસ) રોજનાં (મુંકરર કરેલી સંખ્યામાં વધારો કર્યા વગર) ૫૭૦ યથા; ૨૧૦ યેંઘહે હાતાંમ અને ૧૨૦ અષેમ રોજની પાંચ ગેહમાંની, આપણી સગવડની ગેહ, ભણવાની જગ્યા અને સમય નક્કી કરી, કુસ્તી પાદીઆવ કરી (જે એક જ રવાનની નૈયતે ભણીએ તેને દીલમાં યાદ રાખી) **સરોશબાજ**નું ભણતર ભણવાનું શરૂ કરવું (જ્યાં કેમના મજદા ભણવાની આવે છે **તે નહિ ભણતાં. તેની જગ્યાએ**, ૫૭૦ યથા; ૨૧૦ યેંઘહે હાતાંમ ભણી એક અષેમ ભણી લેવો ને પછી ૧૨૦ અષેમ વોહૂ ભણવા) ત્યારબાદ બે યથા ભણી યસનેમચથી બાકીનું સરોશ બાજનું ભણતર ભણી **ફૂકટ** હજંઘરેમ જસમે અવંઘહે મજદ જ ભણવું. પણ તેમાં (રામનો ખાસત રહે.......... સપેનતો મઈનિયઓમ) વાલું પદ ભણવું નહિ.

અહમાઈ રએશચ અને કેરફેહ મોજદ, રવાનની નૈયતે થતાં ભણતર અને ક્રિયામાં ભણી શકાય નહિ.

આવી રીતે એક દિવસનું ભણતર, શાંત ચિતે ધીમેથી ભણતાં ૨॥ થી ૩ કલાક થાય તેવી રીતે ૧૦ દીવસ ભણી લાખનું ભણતર પુરૂં કરવું

એકજ ગેહમાં સામટું ભણવાનું નહિ બને, તો એક ગેહમાં ઉપર જણાવ્યા મુજબ સરોશની બાજ લઈ ૫૭૦ યથા ભણી સરોશ બાજ પુરી કરવી તેજ રોજની બીજી કોઈ ગેહમાં સરોશની બાજ લઈ ૨૧૦ યેંઘહે હાતાંમ અને ૧૨૦ અષેમ ભણી સરોશના બાજ પુરી કરવી.

ભણવાનાં દીવસોમાં કોઈ દીવસ ખાડો પડે, તો ૧૦ દીવસ પછીનાં દીવસમાં ભણવાનું ચાલુ રાખી ૧૦ દીવસની ચોક્કસ સંખ્યા ભણીને પુરી કરવી.

---

મુકતાદનાં ૧૦ દીવસોમાં બી ઉપર જણાવ્યા મુજબ સરોશ બાજથી (ખશનુમનથી) ભણી શકાય છે, છતાં, જે કોઈને સરોશની બાજથી ન ભણતાં, મુકતાદનાં પહેલાં પાંચ દીવસો અરદાફરવશની બાજથી, અને ગાથાનાં પાંચ દીવસો, ગાથાની ખશનુમનથી ભણવું હોય, તેઓએ

ખોરદેહ અવસ્તામાં (બાજ અષેમ વોહુ ૧૨૦૦ મુકતાદનાં પહેલાં પાંચ દીવસ) તેમજ (બાજ યથા અહુ વઈરિયો ૧૨૦૦, ગાથાનાં પાંચ દીવસ ભણવાની) છાપેલી છે.

તેમાંથી પોતાનાં લાખનાં ભણતરની શરૂઆત કરી. અને (જ્યાં ૧૨૦૦ અષેમ અને ૧૨૦૦ યથા ભણવાનું છાપ્યું છે તે ન ભણતાં) તેની જગ્યાએ લાખનાં ભણતરનાં રોજનાં ૫૭૦ યથા, ૨૧૦ યેંઘહે હાતાંમ અને ૧૨૦ અષેમ ભણી, બાકીનું ભણતર ભણી જવું.

(અહમાઈ-રએશચને કેરફેહ મોજદ છાપેલું હોય, પણ તે નહી ભણવું ઉપર જણાવ્યા મુજબનો હજંઘરેમ જસમે અવંઘહે મજદ જ ભણવું એવી રીતે મુકતાદનાં ૧૦ દીવસ ભણી લાખનું ભણતર પુરું કરવું